અપીલ અરજી નં. ૫૦૭ તા.૨૬–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૮–૧૧–૧૧ની અરજીથી મુદા નં.(૧) અઠવાઝોનના કાર્યક્ષેત્રમાં છેલ્લા બે વર્ષમાં ઊભા થતાં અથવા હાલમાં ઊભા થઈ રહેલ ગેરકાયદે બાંધકામો વિરુધ્ધ આપના વિભાગે અત્યાર સુધીમાં જે જે બાંધકામધારકોને મનાઈ હુકમ કે કારણદર્શક નોટીસો આપી હોય તો તે તમામ નોટીસોની નકલો આપશો વિ. મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૬–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૦૭/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૮–૧૧–૧૧ની અરજીથી મુદા નં.(૧) અઠવાઝોનના કાર્યક્ષેત્રમાં છેલ્લા બે વર્ષમાં ઊભા થતાં અથવા હાલમાં ઊભા થઈ રહેલ ગેરકાયદે બાંધકામો વિરુધ્ધ આપના વિભાગે અત્યાર સુધીમાં જે જે બાંધકામધારકોને મનાઈ હુકમ કે કારણદર્શક નોટીસો આપી હોય તો તે તમામ નોટીસોની નકલો આપશો વિ. મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૬ તા.૬–૧–૧૨ થી** કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારનેઅપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ કોઈ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૧૧૬૭ તા.૧૯–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૩૬ તા.૧૯–૧૧–૧૧ થી અઠવાઝોનને નિયત સમય અવધિમાં તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને નિયત સમય અવધિમાં માહિતી માટે ફી ભરવા પાઠવેલ પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૦૧૧ તા.૧૩–૧૨–૧૧ના પત્રની નકલ, તથા એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૮–૧૧–૧૧ ની અરજીથી છેલ્લા બે વર્ષમાં અઠવાઝોન વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ વિરુધ્ધ કરેલ કાર્યવાહીની બાબતની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૩૬ તા.૧૯–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાનું જણાવી તા.૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૦૧૧ તા.૧૩–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) અઠવાઝોનના કાર્યક્ષેત્રમાં છેલ્લા બે વર્ષમાં ઊભા થતાં અથવા હાલમાં ઊભા થઈ રહેલ ગેરકાયદે બાંધકામો વિરુધ્ધ આપના વિભાગે અત્યાર સુધીમાં જે જે બાંધકામધારકોને મનાઈ હુકમ કે કારણદર્શક નોટીસો આપી હોય તો તે તમામ નોટીસોની નકલો આપશો. (૨) નોટીસો આપ્યા બાદ જે જે બાંધકામોનું ડીમોલીશન આપના વિભાગે કર્યુ હોય તે બાંધકામધારકનું નામ, સરનામુ, ડીમોલીશન કર્યા તારીખ તથા ડીમોલીશન કર્યા બાદ મિલ્કતધારક તથા પાસેથી વસુલ કરવામાં આવેલ વહીવટી ખર્ચની રકમની વિગતવાર

માહિતી આપશો. મુદ્દા નં.(૩) છેલ્લા બે વર્ષમાં અઠવાઝોનના કાર્યક્ષેત્રમાં ઉભા થયેલ ગેરકાયદે બાંધકામો ઈમ્પેકટ ફી ભરીને નિયમબધ્ધ કર્યા હોય તેવા બાંધકામોની નામ સરનામા વસુલ કરેલ ઈમ્પેકટ ફી ની રકમ સહિતની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૪) ગેરકાયદે બાંધકામ નિયમબધ્ધ કરવા માટે જે જે બાંધકામધારકે આપના વિભાગમાં ઈમ્પેકટ ફી ની રકમ પેટે ચેક આપ્યા હોય તેની વિગત તથા આ ચેકમાંથી કોઈ ચેક રીટર્ન થયા હોય તો તેવા ચેકની તથા બાંધકામધારકની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૫) ઈમ્પેકટ ફી પેટે ચેક આપીને આપના વિભાગમાંથી ગેરકાયદે બાંધકામ નિયમબધ્ધ કર્યા બાદ ચેક રીટર્ન થયા હોય તો તેવા બાંધકામ ધારકો વિરુધ્ધ ત્યાર બાદ આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગત આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૦૧૧ તા.૧૩–૧૨–૧૧ થી માંગવામાં આવેલ માહિતી અન્વયે અરજીમાં જણાવેલ અઠવાઝોનના શહેર વિકાસ વિભાગની માહિતી અન્વયે અરજીમાં જણાવેલ અઠવાઝોનના શહેર વિકાસ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ મુજબના માહિતીના એ/૪ સાઈઝ પાનાની નકલ (પાના નંગ–૧૬૫) ના નકલ દીઠ રૂા.૦૨/– લેખે કુલ રૂા. ૩૩૦/– (શબ્દોમાં કુલ ત્રણસો ત્રીસ રૂપિયા પુરા) અઠવાઝોન કચેરીના ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી તમો માહિતીની નકલ મેળવી શકો છો. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારને પત્ર પાઠવવા છતાં આજ દિન સુધી કોઈ દસ્તાવેજ ફી ભરપાઈ ફી ભરપાઈ કરીને માહિતી મેળવેલ નથી તેવો જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પૂરક વિગતોમાં જણાવેલ છે. વધુમાં અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૬ તા.૬–૧–૧૨ થી અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ કોઈ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાનમાં અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો રજૂ કરવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૮–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારીએ નિયત સમય અવધિમાં પ્રસ્તાવ કરેલ હોઈ અરજદાર નિયત કરેલ દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,